# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

આલીયા-માલીયા ભેગા કરી ભરવા બેઠા છે,
અને તુચ્છ તરણાના ઓઠે તરવા બેઠા છે
પરવા નથી સાખ - સિદ્ધાંત કે મૂલ્યોની એને -
ને સ્વાર્થ માટે પક્ષનું ઉઠમણું કરવા બેઠા છે.

## હાઈકુ

સત્તા સમુદ્રે
મોં ફાડીને બેઠા છે
મગરમચ્છો !
(રાજીનામાં-પક્ષાપલટાં)

ભેંસ નેસડે
શરૂ સોગંધવિધિ -
મંત્રી-મંડળ !?
(હોદ્દાની પડાપડી)

## ચિંતન

*યહ કલિયુગ આયો અબૈ, સાધુ ન માને કોય । કામી, ક્રોધી, મસખરા, તીન કી પૂજા હોય ॥*
*- કબીરજી*

આજનો યુગ 'કલિયુગ' છે. 'કલિયુગ' ચાલે છે એવું સંત-સજ્જન લોકો માનવા તૈયાર નથી કારણ કે એમનું ચરિત્ર-સ્વભાવ જ પવિત્ર અને નિર્મળ છે અને કહ્યું છે ને કે આપ ભલા તો જગ ભલા - એટલે સાધુ જનો તો કલિયુગ ચાલે છે એવું માનતા નથી.

પરંતુ, કબીરજી કલિયુગના પ્રમાણ-સાબિતી આપતાં કહે છે કે કળિયુગમાં કામી જનો-વાસનાથી ભરપૂર લોકો, વાતવાતમાં ઉશ્કેરાઇ ગુસ્સો કરતા લોકો અને વિદ્વતાનો દંભ કરી મશ્કરી-મજાક-બોલવામાં ચતુર એવા જૂઠા લોકોની પૂજા થતી હોય છે, આજે સમાજમાં આપણે જોઇએ છીએ કે આવા લોકો જ પૂજાય છે, ક્રોધી-ગુસ્સાવાળા લોકોની ધાકથી લોકો ડરે છે અને તેમને પૂજે છે, અલ્પજ્ઞાની-બોલવામાં વાક્પટુ દંભી અને મજાક-મશ્કરીમાં ચતુર લોકો પોતાનું જ 'કલ્યાણ' કરનારા સ્વાર્થી લોકો જ પૂજાય છે. આ ત્રણ પ્રકાર લોકોની જે યુગમાં પૂજા થાય. પૂજનીય સ્થાન ભોગવતા હોય ત્યારે 'કલિયુગ' જ ચાલે છે એ સાબિત થાય છે.

આશારામ બાપુ 'કામી' વ્યક્તિનું જ્વલંત ઉદાહરણ છે.

કડક-ઉગ્ર નેતા પોતાની ધાકથી 'લોકશાહી'ને પણ ધ્રૂજવતા રહે છે એ બીજું દૃષ્ટાંત છે.

અભ્યાસુ, જ્ઞાની, વક્તાની છાપ ધરાવતો 'કલ્યાણ' એ ત્રીજું દૃષ્ટાંત પુરૂં પાડે છે.

## સુવિચાર

- 'આશા' સાચા અર્થમાં સાથીદાર છે, સફળતાની તે માતા છે, જેઓ આ વાત સ્વીકારતા થયા છે એમણે ચમત્કારો સર્જયા છે *- ડો. વિક્રમ સારાભાઇ*
- જયારે સંતોષ રૂપી ધન આવે છે ત્યારે બીજા બધા ધન ધૂળ સમાન લાગે છે *- એસ. ભટ્ટાચાર્ય*
- જીવનમાં આખરમાં એ મહત્ત્વનું નથી કે તમે કેટલા શ્વાસ લીધાં, મહત્ત્વનું છે કે તમે કેટલા શ્વાસ જીવનમાં માણ્યા છે *- ધ્યાનસૂત્ર*
- મનોવૃત્તિ સુગંધ સમાન છે, તે છુપાવાથી નથી છુપાતી *- સંત રોબિન*
- દુનિયાને હંમેશા એ લોકો જ બદલી દે છે, જેમને દુનિયા કંઇ જ બદલવાને લાયક નથી ગણતી *- મલેશિયન કહેવત*
- માફી માંગવાથી એ કદી સાબિત નથી થતું કે તમે ખોટા અને બીજા સાચા છે, માફી તો સાચો મતલબ એ છે કે આપણામાં સંબંધ નિભાવવાની કાબેલિયત સામાવાળા કરતાં વધારે છે *- હૃદયસૂત્ર*
- મુસ્કાનની કોઇ કિંમત નથી હોતી નથી વળી એ મેળવવાવાળાને પણ ખુશી આપે છે અને આપવાવાળાનું કંઇ જતું પણ નથી *- શાહબુદ્દિન રાઠોડ*

*(સંકલન : દીપક વી.આસરા)*

## બોધ કથા

આપણા દેશમાં વર્ષો સુધી કેસ ચાલે-માંડ-માંડ કોઇ ગુન્હેગારને ફાંસી સજા થાય-પછી તે દયાની અરજી કરે આપણા રાષ્ટ્રપતિઓ તો ચાવી દીધેલા કે બેટરીથી ચાલતાં રમકડાં જેવાં હોય કોને ફાંસી કયારે આપવી ન આપવી, વગેરેની ગણતરી બાજ 'ઉપર'થી સૂચનાઓ પ્રમાણે હોય, હમણાં ફાંસીની સજા અને દયાની અરજીનો નિકાલ ન થતાં 'રાજીવ'ના હત્યારા છૂટી ગયા!! ન્યાયની આ ક્રૂર મજાક જ છે ને?!

અમેરિકાના એક ફાંસીની સજા પ્રાપ્ત થયેલા કેદીની અરજી રાષ્ટ્રપતિ પાસે-ગુન્હેગાર ખરેખર નિર્દોષ હતો પણ કાયદા અને વકીલોના ચક્રાવે એને 'ફાંસી'ની સજા થઇ ગઇ. પછી તેણે ખૂબ મુદ્દાસર-સમજાવટ અને દલીલો સાથે દયાની અરજી કરી. આમ તો દયાની અરજી સાથે ભલામણો અને વીઆઇપીના અભિપ્રાયના જથ્થાબંધ પ્રમાણપત્રો પણ હોય આ અરજી સાથે આવાં કોઇ જોડાણ ન હતાં.

પ્રેસીડેન્ટે અરજી વાંચી. બે-ત્રણ વાર વાંચી એમાં સત્ય અને કરૂણા ભારોભાર છલકાતાં હતા. પ્રેસીડેન્ટએ અરજી તેના સહાયકને આપી અને કહ્યું, આ અરજી વાંચો-ખરેખર એ 'દયાને પાત્ર' હોય એવું જણાય છે.

સહાયક અધિકારીએ કહ્યું આ અરજી સાથે કોઇ ભલામણપત્રો છે જ નહીં - એટલે ધ્યાને ન લેવાય.

પ્રેસીડેન્ટ કહે, જેનું કોઇ ન હોય તેનો મિત્ર કે ભલામણકર્તા પણ હું જ છું અને ફાસીની સજા 'આજીવન કેદ'માં ફેરવી નાખી. આ પ્રમુખનું નામ અબ્રાહમ લિંકન.

Email - sureshchandrabhatt18@gmail.com

# ભરૂચના પ્રભુદત્ત ભટ્ટ હિસાબનીશ, પણ ખરા અર્થમાં શિક્ષક-સર્જન

## મોંઘેરા મોતી

*- નટવર આહલપરા*

એટલે જ હું ગાઉં છું કે -

ફૂલ, ઝરણાં, વૃક્ષ, પહાડોને પવન,
નીડ મારૂં છે હવે આખું ગગન,
ચાલ ! આતમ તે તરફ કરીએ ગમન.
ચાલ ! આતમ તે તરફ કરી એ ગમન

પહેલાં 'નયન' ભીનાં ભીનાં' અને પછી હમણાં 'તું કાગળ લખ' કાવ્ય સંગ્રહો સમયાંતરે મળ્યાં પણ હું અને કવિ પ્રભુદત્ત રૂબરૂ મળ્યા નથી. ફોન પર મળવાનું બને છે.

ગુજરાત સરકારની યુવા પ્રતિભા શોધ સ્પર્ધામાં, ગઝલ, શાયરી, કાવ્ય લેખન જેવી સર્જનાત્મક સ્પર્ધાઓએ અનેક યુવકોનાં આત્માને જાગૃત કર્યા છે, અને તેમાંના કેટલાક વિજેતાઓ કાવ્ય સર્જનના માર્ગ આગળ વધ્યા છે. તેમાંના પ્રભુદત્તભાઇ પણ એક છે. કવિ કયારે પણ નિવૃત્ત થતો નથી.

"હું આવીશ તમે થોભજો.
હાલ કયાં નિવૃત્ત છું."

તેમના માટે કહેવું હોય તો એટલું કહી શકાય કે, "આ તો સોણલાં વાવતો - સોણલાં ઉગાડતો - સોણલાં ઉછેરતો અને સોણલાંમાં જ જીવતો આ સોણલાંમય કવિ છે." એની વ્યવસ્થા તો જુઓ -



- "અવર્ણીય થતી ઉત્કંઠાઓને શ્વાસ શ્વાસની સેરોમાં,
રોપાઇ ગયેલા શમણાંના - મણકાઓને - હું શોધું છું."
- "શમણાં સહું ઝાંખા દીસે તો શું કરૂં?
અધૂરા રહે કૈં ઓરતા તો શું કરે?"

| | | |
|---|---|---|
| જન્મ સ્થળ | - | મુ.પો. ઝઘડીયા, તા. ઝઘડીયા, જી. ભરૂચ |
| જન્મતારીખ | - | ૦૮-૧૦-૦૧૯૫૩ |
| અભ્યાસ | - | બી.કોમ - માર્ચ ૧૯૭૫ |
| પિતા | - | રમાકાંત હરિશંકર ભટ્ટ (શાસ્ત્રી સાહેબ) |
| અભ્યાસ | - | ગુરૂ મંડળાશ્રમ -હરિદ્વાર બનારસ હિન્દુ યુનિ. - કાશી |
| કાર્યક્ષેત્ર | - | આજીવન શિક્ષક-ધી દિવાન ધનજીશા હાઇસ્કૂલ, ઝઘડીયા |
| ધ્યાત્મ ચિંતન | - | વિવેચન - પ્રવચન |
| માતા | - | શ્રીમતી કપિલાબેન રમાકાન્ત ભટ્ટ |
| પત્ની | - | શ્રીમતી હંસાબેન પ્રભુદત્ત ભટ્ટ |
| સંતાન | - | પુત્રી - ભૂમિકાબેન રાજેશકુમાર પુરાણી |
| | - | પુત્ર - ચિંતન પ્રભુદત્ત ભટ્ટ |
| કાર્યક્ષેત્ર | - | વિભાગીય હિસાબનીસ તરીકે જીલ્લા પંચાયત, ભરૂચમાં નોકરી, હાલ નિવૃત્ત ૩૧-૧-૨૦૧૧થી |
| યોગદાન | - | (૧) રાજયયુવા પ્રતિભા શોધ સ્પર્ધામાં સાહિત્ય વિભાગમાંથી રાજયકક્ષા સુધી વિજેતા અને રજૂઆત |

(૨) પ્રથમ કાવ્ય સંગ્રહ "નયન ભીનાં ભીનાં" ની પ્રસિદ્ધિ - માહે ફેબ્રુ-૨૦૧૩

(૩) ગુજરાતના બાયરન - કવિશ્રી 'પતિલ' અકલેસરીના બે અંગ્રેજી કાવ્યોનો ભાવાનુવાદ

(૪) કાવ્યત્રિવેદી - ભરૂચ તથા સાહિત્ય સભા - ભરૂચ સાથે સતત સંપર્ક અને યોગદાન

(૫) 'સંવેદના' સામયિક - નિકાર સાથે લાગણી સંબંધ

(૬) કાવ્ય સર્જન યાત્રા પ્રગતિમાં તેમના પિતા પ્રેરક બન્યા છે.

કવિ કહે છે : કવિતા સાથે બાળપણથી જ સંગાથ રહ્યો છે. મારા પિતાજી સંસ્કૃત, હિન્દી, ગુજરાતી ભાષાના શિક્ષક હતા. તેમને હરિદ્વાર ગુરૂકુળમાં શિક્ષણ તેમજ સંસ્કૃત ભાષામાં "શાસ્ત્રી" ની પદવી કાશી વિશ્વ વિદ્યાલયમાંથી મેળવી હતી અને તેઓ "શાસ્ત્રી સાહેબ" તરીકે ઓળખાતાં. ધાર્મિક, આધ્યાત્મિક જ્ઞાન તેમજ ભાષા ઉપરની એમની વિદ્વતાથી સમાજ સુપરિચિત હતો. તેમના સંસ્કારો કવિતા સ્વરૂપે મળ્યા અને ફળ સ્વરૂપ આપની સમક્ષ "નયન ભીનાં ભીનાં" રૂપે તે પ્રસ્તુત છે.

બાળપણમાં મુશાયરામાં પિતાજી સાથે જવાનું બનતું, ત્યારે વિસ્મય, અચરજ અને પ્રેરણાના પ્રવાહોમાં તરતાં હોય એવું લાગતું અને તેઓ મને પણ કવિતા લખવાનું કહેતા. પ્રારંભના તબક્કે ભાંગી તૂટી - કાલી ઘેલી - વાંચેલી - ગોખેલી કવિતાઓને અક્ષરદેહ મળ્યો.

કવિતાયાત્રામાં મને મારા મિત્ર ઇન્દુભાઇ વાળંદ, સ્નેહી ઉમાકાંત પંડ્યા તથા સ્વ મદુસુદન જોષી દ્વારા પણ ઘણી જ પ્રેરણા મળી છે. તેઓ અવારનવાર મારી રચનાઓ જાતં - માણતા - સુચન કરતાં અને રચનાઓ રચાઇ ગઇ.

અંકલેશ્વર નિવાસ દરમિયાન 'કાવ્યસર્જન' પત્રિકા દ્વારા કવિ મિત્રો મળતાં રહ્યાં એન કવિ સંમેલનોમાં રચનાઓ રજૂ થતી રહી. પ્રો. જગદીશ ગુર્જર, હરીશ જોષી, મધુસૂદન જોષી, મુળચંદભાઇ મોદી, દેવાનંદ જાદવ, દવે, વાઘેલાભાઇ, ગજેન્દ્રભાઇ કવિ. વ. મિત્રો સાથે કાવ્ય પ્રસાદ વહેંચાતો રહ્યો.

ઝાડેશ્વર-ભરૂચમાં આવ્યા પછી 'કાવ્ય ત્રિવેદી' સંસ્થાના સંપર્કમાં આવવાનું સૌભાગ્ય મળ્યું.' 'તું કાગળ લખ.' મુક્ત કાવ્ય સંગ્રહમાં કવિએ ગઝલ, ગીત, મોનો ઇમેજ, મુક્તક અને અનુવાદ થયેલી કૃતિઓ મુકી છે જેમ કે,

એ કહું હું તને કે ના હું કહું?
એવું રૂદિયે કૈં થાય મને.
હે ઇશ્વર! આ સઘળે સઘળું
લઇ જાને ફરી પાષાણ યુગે,

બ. ક. ઠાકોર, ક.મા. મુનશી, કૃષ્ણલાલ ઝવેરી, ત્રિભુવનદાસ લુહાર 'સુંદરમ્', અને મગનલાલ પટેલ જેવા દિવંગત પણ મારા તમારા સૌમાં હયાત સારસ્વતોને કવિ પ્રભુદત્ત ભટ્ટે 'તું કાગળ લખ' સંગ્રહ અર્પણ કરીને ધન્યતા અનુભવી છે.

હરિવદન જોષી, બિમલ ચૌહાણ, વ. મિત્રોએ કવિના કાવ્યસંગ્રહને આવકાર્યો છે. આવો આપણે પણ કવિનો પોંખીએ અને કહીએ કે :

લખ, હવે તું કાગળ લખ,
સાચો કે ખોટો કાગળ લખ.

કવિની સ્વસ્થતા, પ્રસન્નતા અર્થે શુભેચ્છાઓ.

રહેઠાણ - એએ-૧૭ સાંઇકૃપા બંગ્લોઝ,
રાજરત્ન સોસા. નજીક, ઝાડેશ્વર,
તા.જી. ભરૂચ, પીન : ૩૯૨૦૧૧
સંપર્ક : (મો) ૯૪૨૭૧ ૧૫૦૫૩ (રહે.) (૦૨૬૪૨) ૨૩૩૩૫

# 'અંકબંધ'ના 'સમાચાર' વાળું બોક્સ આજના પેપરમાં ફ્રન્ટ પેઇજ પર જોઇ અમને નવાઈ લાગી! અમને થયું કે આજે કોઈ ફેસ્ટીવલ તો છે નહીં તો આવતીકાલે પેપર બંધ કેમ હશે?!

## 'અંક બંધ ?!' - NO TENSION! હળવાશની ક્ષણોમાં!

*- ચિત્રસેન શાહ*

ન્યૂઝપેપરમાં ફ્રન્ટ પેઇજ ઉપર 'બોક્સ'માં જયારે જયારે 'અંકબંધ'ના અશુભ સમાચાર આવે ત્યારે મનમાં ફાળ પડે કે આવતીકાલની સવાર કેવી જશે ?! ઘણા લોકોને ચા પીતાં પીતાં પેપર વાંચવાની આદત હોય છે તેમને તો વળી ચામાં 'ચીની કમ' જેવું લાગે!

અમારા એક મિત્ર તો મજાકમાં કહે છે કે પત્ની વગર ચાલે પણ પેપર વગર ન ચાલે! આ રીતે ન્યૂઝપેપર એ આપણા જીવનનો એક અભિન્ન હિસ્સો બની ગયેલ છે!

પેપળ નાખવા આવતો છોકરો કોઇવાર પેપર નાખવાનું ભૂલી જાય કે બુલેટની ઝડપે સાઇકલ પર આવી મિસાઇલની ઝડપે પેપર ફેંકીને ગાયબ થઇ જાય છે ત્યારે ઘણીવાર પેપર તેની નિયત જગ્યાએ ન પડતાં બીજી કોઇ જગ્યાએ પડેલ હોવાને કારણએ જલ્દીથી મળતું નથી! કોઇ વાર કમ્પાઉન્ડમાં મુકેલ ઝુલાના છાપરા પર, કોઇ વાર ફૂલછોડની વચ્ચે તો કયારેક કારની છત પરથી કે કારનાં વ્હીલ નીચેની પણ ન્યૂઝપેપર મળી આવે છે! તે શોધવામાં જ અર્ધો દિવસ નીકળી જાય છે!

(જો કે જેમને ટાઇમ પાસ કરવાનો પ્રોબ્લેમ હોય છે તેમને માટે આ સ્થિતિ ઇચ્છનીય બને છે!)

અમને પણ એકવાર ચાર ન્યૂઝપેપરવાળું બંડલ કારની વ્હીલની નીચેથી દબાયેલી હાલતમાં મળ્યું હતું! અને યોગાનુયોગ તેમાંના એક ન્યુઝપેપરના ફ્રન્ટ પેઇજ પર સમાચાર હતા - 'રસ્તે ક્રોસ કરતાં એક બાળક કારના વ્હીલની નીચે આવી ગયો!'

આ વાંચીને જાણે અજાણે અમે અપરાધ ભાવ અનુભવ્યો! બાળક કેમ જાણે અમારી કારના વ્હીલ નીચે આવી ગયો હોય! (કારમ કે એ સમાચારનું પેપર અમારી કારના વ્હીલ નીચે હતું!)

કોઇ વાર પેપરનું બંડલ જયારે કારની છત પર પડે છે ત્યારે ડર લાગે છે ન્યૂઝપેપરનું આ બંડલ કયાંક છતમાં ગોબો તો નહીં પાડી દે ને ?! કારણ કે આજકાલની કારની છત એવી નાજુક (સેન્સીટીવ!) હોય છે કે જોરથી ફેંકાયેલ ન્યૂઝપેપરનું બંડલ આસાનીથી 'ગોબો' પાડી શકે! જો કે વાંદરા કુદવાને કારણે તો 'ગોબા' પડે જ છે તેવો તો ઘણાને અનુભવ હશે!

આ અંગે વાત કરતાં અમારા સંબંધી એક વડીલે રમુજ કરતાં કહેલું કે 'અમારા જમાનામાં તો 'ફીઆટ' કે 'એમ્બેસેડર' કાર એવી મજબૂત આવતી કે વાંદરા તેના પર કૂદે તો વાંદરાને 'ગોબો' પડે!

આ લેખની શરૂઆતમાં લખ્યું છે તેવા 'અંકબંધ'ના 'સમાચાર' વાળું બોક્સ આજના પેપરમાં ફ્રન્ટ પેઇજ પર જોઇ અમને નવાઇ લાગી! (આવા 'બોક્સ' જોઇને અમારા મિત્રને 'બેસણા'ની જાહેરાત વાંચતા હોય તેવી લાગણી થાય છે!) અમને થયું કે આજે કોઇ ફેસ્ટીવલ તો છે નહીં તો આવતીકાલે પેપર બંધ કેમ હશે?!

અમે હિંમત ભેગી કરીને 'બોક્સ'નું લખાણ વાંચવા માંડ્યું!

તેમાં લખ્યું હતું - 'જેમ બેન્કો તેમના વાર્ષિક હિસાબો મેળવવા ૩૧મી માર્ચ કે પહેલી એપ્રિલના દિવસે પબ્લીક ડિલીંગ માટે બંધ રાખે છે તેજ રીતે પત્રકારત્વ ક્ષેત્રે વાર્ષિક 'લેખા-જોખા'ના તાળા મેળવવા અમારો સ્ટાફ બીઝી હોવાને કારણે આવતીકાલનો અંક પ્રગટ થઇ શકશે નહીં... વધારે વિગતો માટે જુઓ છેલ્લું પાનું....

(અંકબંધની જાહેરાતમાં પણ વળી અનુસંધાન?!)

આપણે છેલ્લા પાને જતાં પહેલાં બીજા કેટલાક ન્યૂઝ વાંચી લઇએ! હમણાં ચૂંટણીનો માહોલ છે તેથી ન્યૂઝ પેપરવાળાઓની પાંચે આંગળી 'ઘી'માં છે! (જો કે અહીં 'ઘી' ને બદલે 'પ્રિન્ટીંગ ઇન્ક' શબ્દ વધુ બંધબેસે!)

ઘણા ન્યૂઝપેપરમાં તો ત્રણ ત્રણ 'ફ્રન્ટ પેઇજ' આવે છે! પહેલા 'ફ્રન્ટ પેઇજ' ઉપર એક પક્ષ હોય તો બીજા ફ્રન્ટ પેઇજ પર બીજો પક્ષ હોય! અને ખરેખર ન્યૂઝ વાળું એટલે ત્રીજો ફ્રન્ટ પેઇજ! (આ તો સારૂં છે ત્રીજા મોરચા વાળા મેદાનમાં નથી આવ્યા નહીં તો ચાર ચાર ફ્રન્ટ પેઇજ બનાવવા પડે!)

હમણાં તો બધા પક્ષો એકબીજા પર કાદવ ઉછાળવામાં બીઝી છે! કોઇ પક્ષ 'કાદવ' વગરનો હોવાનો કે શુદ્ધ હોવાનો તો સવાલ જ નથી છતાં કયાં પક્ષમાં ઓછી અશુદ્ધિ(!) છે તેને જ પસંદ કરવો પડે તેમ છે!

અરે પાણીના શુદ્ધિકરણમાં સ્થલો પણ સુબરબગ વાયરસનું ઉદ્‌ગમ સ્થાન હોય છે એવું એક સંશોધનમાં જાણવા મળ્યું છે!

તો રાજકીય પક્ષો તો કેમ જ શુદ્ધ હોય!

(એક સંશોધનમાં જાણવા મળ્યું છે કે જયાં પણ પાણીના શુદ્ધિકરણની સુવિધા હોય છે ત્યાં સુપરબગ નામના વારરસનો ખતરો વધી જાય છે, ખાસ કરીને હોસ્પિટલો તેમજ કેટલાક જાહેરસ્થળો પર આ સુવિધા મોટા પ્રમાણમાં હોય છે. તેથી સુપરબગ વાયરસ ફેલાવા માટે આ સ્થલો 'હોટ સ્પોટ' હોય છે. આ વાયરસને કારણે એન્ટી બાયોટીક મેડિસીન નિષ્ક્રીય બની જાય છે અને તેવા સંજોગોમાં ઓપરેશન જેવી કામગીરી પાર પાડવી અશક્ય બની જઇ શકે!)

આગળ 'અંકબંધ' વાળા બોક્સમાં જણાવ્યા પ્રમાણે અનુસંધાન વાંચવા ચાલો હવે આપણે છેલ્લા પાને જઇએ!

આજે પહેલી એપ્રિલ છે! સમજી ગયાને ! ન્યૂઝ પેપરના માલિકોને પણ (આપણા કેસમાં શ્રી કૃષ્ણકાન્ત ભાઇને!) તેમના પ્રિય વાંચકોને 'એપ્રિલ ફૂલ' બનાવવાની ઇચ્છા તો થાય જ ને!

રાહુલ ગાંધી આને 'એપ્રિલફૂલ' બનાવવાનો 'હક્ક-Right' પણ કહી શકે!) (રાહુલ ગાંધી તેમના લેકચરમાં તેમની સરકારે લોકોને કેટકેટલા 'રાઇટ - હક્ક' (મોંઘવારીથી પીસાવાનો, ભ્રષ્ટાચારથી ભૂંજાવાનો, વિગેરે!) આપ્યા તે કહે છે તો આ એક 'હક્ક' વગેરે!)

તો સુજ્ઞ વાંચકો,

આવતીકાલે પેપર આવશે જ! માટે ટેન્શનમાં રહેશો નહીં!

'એપ્રિલફૂલ' દ્વારા 'હળવાફૂલ' થઇને ઘેર જાવ ત્યારે પત્ની માટે ગુલાબનું ફુલ જરૂર લઇ જશો! આ જોઇને પત્ની કદાચ બોલી ઉઠશે - 'તમારામાં આટલી અક્કલ કયારથી આવી?!'

# બદલતી દુનિયા કા ઐસા અસર હોને લગા, આદમી પાગલ ઔર ફોન સ્માર્ટ હોને લગા

## વિચારયાત્રા

*- ડો. જય ઓઝા*

મોબાઈલ આયા
કેમેરા ખતમ,
મોબાઈલ આયા
રીસ્ટવોચ ખતમ,
મોબાઈલ આયા
ટોર્ચ ખતમ,
મોબાઈલ આયા
રેડિયો ખતમ
મોબાઈલ આયા
એમ.પી.૩ ખતમ
મોબાઈલ આયા
લેટર્સ ખતમ,
મોબાઈલ આયા
કેલ્ક્યુલેટર ખતમ,
મોબાઈલ આયા
કોમ્પ્યુટર ખતમ,
મોબાઈલ આયા
સકૂન ખતમ,
ઔર અગર આપકા
'મોબાઈલ' આપ કી 'ગર્લફ્રેન્ડ/વાઈફ/હસબન્ડ' કે હાથ આયા તો
મા કસમ આપ 'ખતમ'

- એક દમ લેટેસ્ટ...

આજનો પુરુષ આજની ૬૪ કળાઓ!

આપણું ધ્યાન ફેસબુક કે વ્હોટ્સએપ કે ટ્વિટર સિવાય બહુ ઓછી જગ્યાએ જતું હોય છે. આ બધી સુખ- સવલતોનો સરસ ઉપયોગ કરવો એ એક કળા છે. પણ સ્મરણ રહે માત્ર મોબાઈલ કે ટેકનૉલૉજી એ જ આપણું જીવન નથી

પુરાણકાળમાં વર્ણવાયેલી ૬૪ કળાઓ વિશે, સંસ્કૃત સાહિત્યમાં જેનો ઉલ્લેખ છે એવી ૬૪ કળાઓ અંગે આપણે વાત કરી. સમય, કાળ અને યુગ મુજબ સમાજજીવનમાં પરિવર્તન આવે છે અને જિંદગીના ફન્ડા બદલાઈ જાય છે.

કેટલીક કળાઓનું મહત્ત્વ ક્યારેય ઘટવાનું નથી. ઉદાહરણ તરીકે પ્રાસાદ રીતિ (આર્કિટેકચર), કાવ્યશક્તિ કે વૈદકક્રિયા, પરંતુ મૃષ્ટિકાકથન (મુઠ્ઠી)માં શું છે એ કહેવાની રમત) અને વેશપલટો વગેરે બાબતો આજનાં સમયે બિનજરૂરી લાગે છે. સવાલ એ છે કે, આજનાં સમયે જરૂરી કળાઓની યાદી બનાવવામાં આવે તો તેમાં કઈ કળાઓનો સમાવેશ થાય?

સામાજિક માધ્યમ કળા અંગ્રેજીમાં જેને સ્પેશિયલ મીડિયા કહે છે- તેમાં કેવી રીતે પ્રવૃત્ત રહેવું તેની કળા. આજના પુરુષ માટે અત્યંત જરૂરી. ફેસબુકથી લઈ ગૂગલ પ્લસ અને ટ્વિટર સુધીનાં પ્લેટફોર્મ પર એકાઉન્ટ હોવું જરૂરી છે અને એકાદ બ્લૉગ હોય તો ઉત્તમ. આપણું પોતાનું, ખુદની માલિકીનું મેગેઝિન કહેવાય એ તો!

મજાની વાત એ છે કે, આ બધું જ ફ્રી છે. ફેસબુકે પ્રોમિસ પણ આપ્યું છે કે, એ ફ્રી છે અને હંમેશાં ફ્રી રહેશે! આના કરતા રૂડી વાત બીજી કઈ હોઈ શકે? સવાલ માત્ર એટલો જ છે કે, તમને આ સામાજીક માધ્યમ કળાનો ઉપયોગ આવડે છે કે કેમ.

અમારા એક મિત્ર તો કહે છે કે, તેઓ માત્ર અને માત્ર બિઝનેસ પર્પઝથી જ આવા માધ્યમો પર આવે છે. પોતાની પ્રોડકટસ વેંચવા, ધંધો મેળવવા. હશે, જેની જેવી મતિ, જેની જેવી ગતિ. કેટલાક લોકો આનંદ માટે સોશિયલાઈઝિંગ કરતા હોય છે. ઘણા માટે એ ઉકળાટ ઠાલવવાનું માધ્યમ છે. કારણો ભલે ગમે તે હોય... આ માધ્યમનાં બાપને, તેની મહત્તાને અવગણી શકાય તેમ નથી.

દોરડારહતિ દૂરભાષયંત્ર કલા મોબાઈલના ઉપયોગની વિવિધ કળાઓ. તેનું જ્ઞાન એટલા માટે જરૂરી છે કે તેનો ઉપયોગ મોટાભાગે આપણે ત્યાં ઘણાં લોકો સાવ પછાત આદિવાસીની માફક કરતા હોય છે. બાળક જે રીતે રમકડાંને ફીટ કરે છે. તેમ ઘણાં લોકો તેને મનફાવે તેમ વાપરતા હોય છે. મોબાઈલ એક આશીર્વાદ છે, પરંતુ કેટલાક લોકોને તેનો ઉપયોગ ન આવડે ત્યારે અન્યો માટે એ અભિશાપ બની જાય છે.

સૌપ્રથમ એ વાત યાદ રાખવાની જરૂર હોય છે કે, મોબાઈલ હંમેશાં માણસ પોતાની સગવડ માટે રાખે છે, તમારી સગવડ માટે નહિ. તમે એક વખત કોઈને ફોન કરો છો અને સામેની વ્યક્તિ ફોન એટેન્ડ ના કરે તો તરત જ બીજી, ત્રીજી કે દસમી વખત કામ કરવાની જરૂર નથી. શક્ય છે કે, સામેની વ્યક્તિ બાથરૂમમાં હોય, શક્ય છે કે, એ સૂતા હોય, કદાચ મૂવિમાં હોય, ડ્રાઈવ કરતી હોય અથવા લંચ કે ડિનર લેતી હોય, મિટિંગમાં હોય અને શક્ય છે કે તેમનો મૂડ ન હોય વાત કરવાનો.

કેટલાકને એવી ગંદી આદત હોય છે કે, કોઈ તેમનો ફોન ન ઉપાડે તો પછી તેઓ કોઈ અજાણ્યા નંબર પરથી ફોન કરે છે. આવી રીતે કરેલો ફોન કોઈ એટેન્ડ કરે તો પણ તેમાં શી મજા! દૂરભાષશાસ્ત્ર કહે છે, આ રીતે બે જ સંજોગોમાં ફોન થઈ શકે એક, કોઈનું મરણ થયું હોય ત્યારે. બે, તમે કોઈ પાસે પૈસા માગતા હો અને ઉઘરાણીના કોલ સામી વ્યક્તિ એટેન્ડ ન કરતી હોય ત્યારે.

દૂરભાષ સંદેશ કળાઃ શાસ્ત્ર આપણને ઘણા સિદ્ધાંતો સમજાવે છેં જખજના ફ્રી પેક્સ બધા પાસે હોય છે, તેનો અર્થ એ નથી કે, રાત-દિવસ તમે ફાલતું મેસેજીસ મોકલીને લોકોનું દિમાગ ચાવી જાઓ. હા! તમારા અંગત મિત્રોને તમે દરરોજ પાંચસો જખજ મોકલો તો એ તમારો અને તમારા મિત્રનો ઈશ્યૂ છે, પરંતુ આખી દુનિયાનું તમે ભેજુ ચાટી જશો તો અળખામણા થશો.

વ્હોટ્સએપ કળા નિઃશુલ્ક મળતી સેવાઓનો ઉપયોગ કરી શકાય ત્યાં લગી બરાબર છે, પરંતુ તેનો દુરુપયોગ ન થાય એ વાતનો ખ્યાલ રાખીએ. કમસે કમ આપણે ખુદ તો આવો દુરુપયોગ કરવાનું ટાળી જ શકીએ. ફાલતું વીડિયો, વાહિયાત ફોટોગ્રાફ્સ અને ચવાઈને ચુથ્થો થઈ ગયેલા સુવાક્યો- કૂવાક્યો આપણને વ્હોટ્સએપ પર મળતા જ હોય છે. આપણે તેને આપણા મોબાઈલમાંથી ડિલિટ કરીને તેનો ફેલાવો કંઈક અંશે અટકાવી શકીએ.

(અનુસંધાન પાના નં. ૬ પર)